| Marking Scheme<br>Strictly Confidential<br>(For Internal and Restricted use only)<br>Secondary School Examination, 2023<br>SUBJECT NAME GUJARATI (SUBJECT CODE M9010) (PAPER CODE 9) | |
|---|---|
| **General Instructions: -** | |
| **1** | You are aware that evaluation is the most important process in the actual and correct assessment of the candidates. A small mistake in evaluation may lead to serious problems which may affect the future of the candidates, education system and teaching profession. To avoid mistakes, it is requested that before starting evaluation, you must read and understand the spot evaluation guidelines carefully. |
| **2** | **"Evaluation policy is a confidential policy as it is related to the confidentiality of the examinations conducted, Evaluation done and several other aspects. Its' leakage to public in any manner could lead to derailment of the examination system and affect the life and future of millions of candidates. Sharing this policy/document to anyone, publishing in any magazine and printing in News Paper/Website etc may invite action under various rules of the Board and IPC."** |
| **3** | Evaluation is to be done as per instructions provided in the Marking Scheme. It should not be done according to one's own interpretation or any other consideration. Marking Scheme should be strictly adhered to and religiously followed. **However, while evaluating, answers which are based on latest information or knowledge and/or are innovative, they may be assessed for their correctness otherwise and due marks be awarded to them. In class-X, while evaluating two competency-based questions, please try to understand given answer and even if reply is not from marking scheme but correct competency is enumerated by the candidate, due marks should be awarded.** |
| **4** | The Marking scheme carries only suggested value points for the answers<br>These are in the nature of Guidelines only and do not constitute the complete answer. The students can have their own expression and if the expression is correct, the due marks should be awarded accordingly. |
| **5** | The Head-Examiner must go through the first five answer books evaluated by each evaluator on the first day, to ensure that evaluation has been carried out as per the instructions given in the Marking Scheme. If there is any variation, the same should be zero after delibration and discussion. The remaining answer books meant for evaluation shall be given only after ensuring that there is no significant variation in the marking of individual evaluators. |
| **6** | Evaluators will mark( √ ) wherever answer is correct. For wrong answer CROSS 'X" be marked. Evaluators will not put right (✓) while evaluating which gives an impression that answer is correct and no marks are awarded. **This is most common mistake which evaluators are committing.** |



ZOLLEGE.in

| | |
|---|---|
| **7** | If a question has parts, please award marks on the right-hand side for each part. Marks awarded for different parts of the question should then be totalled up and written in the left-hand margin and encircled. This may be followed strictly. |
| **8** | If a question does not have any parts, marks must be awarded in the left-hand margin and encircled. This may also be followed strictly. |
| **9** | If a student has attempted an extra question, answer of the question deserving more marks should be retained and the other answer scored out with a note **“Extra Question”**. |
| **10** | No marks to be deducted for the cumulative effect of an error. It should be penalized only once. |
| **11** | A full scale of marks __________(example 0 to 80/70/60/50/40/30 marks as given in Question Paper) has to be used. Please do not hesitate to award full marks if the answer deserves it. |
| **12** | Every examiner has to necessarily do evaluation work for full working hours i.e., 8 hours every day and evaluate 20 answer books per day in main subjects and 25 answer books per day in other subjects (Details are given in Spot Guidelines).This is in view of the reduced syllabus and number of questions in question paper. |
| **13** | Ensure that you do not make the following common types of errors committed by the Examiner in the past:-<br>● Leaving answer or part thereof unassisted in an answer book.<br>● Giving more marks for an answer than assigned to it.<br>● Wrong totalling of marks awarded on an answer.<br>● Wrong transfer of marks from the inside pages of the answer book to the title page.<br>● Wrong question wise totalling on the title page.<br>● Wrong totalling of marks of the two columns on the title page.<br>● Wrong grand total.<br>● Marks in words and figures not tallying/not same.<br>● Wrong transfer of marks from the answer book to online award list.<br>● Answers marked as correct, but marks not awarded. (Ensure that the right tick mark is correctly and clearly indicated. It should merely be a line. Same is with the X for incorrect answer.)<br>Half or a part of answer marked correct and the rest as wrong, but no marks awarded. |
| **14** | While evaluating the answer books if the answer is found to be totally incorrect, it should be marked as cross (X) and awarded zero (0)Marks. |
| **15** | Any un assessed portion, non-carrying over of marks to the title page, or totalling error detected by the candidate shall damage the prestige of all the personnel engaged in the evaluation work as also of the Board. Hence, in order to uphold the prestige of all concerned, it is again reiterated that the instructions be followed meticulously and judiciously. |
| **16** | The Examiners should acquaint themselves with the guidelines given in the “**Guidelines for spot Evaluation**” before starting the actual evaluation. |
| **17** | Every Examiner shall also ensure that all the answers are evaluated, marks carried over to the title page, correctly totalled and written in figures and words. |
| **18** | The candidates are entitled to obtain photocopy of the Answer Book on request on payment of the prescribed processing fee. All Examiners/Additional Head Examiners/Head Examiners are once again reminded that they must ensure that evaluation is carried out strictly as per value points for each answer as given in the Marking Scheme. |



ZOLLEGE.in

**SECONDARY SCHOOL EXAMINATION**

**FEBRURY – MARCH : 2023**

**MARKING SCHEME – GUJARATI** ગુણ યોજના : ગુજરાતી

**STD : X (010)** ધોરણ : **X (010)**

- **સામાન્ય નિર્દેશ : મૂલ્યાંકન કરતી વખતે નીચેની સૂચનાઓને ધ્યાનમાં રાખવી.**

તમે જાણો છો કે ઉમેદવારોના વાસ્તવિક અને સાચા મૂલ્યાંકનમાં મૂલ્યાંકન એ સૌથી મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. મૂલ્યાંકનમાં નાની ભૂલ ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે જે ઉમેદવારોના ભાવિ, શિક્ષણ પ્રણાલી અને શિક્ષણ વ્યવસાયને અસર કરી શકે છે. ભૂલો ટાળવા માટે, એવી વિનંતી કરવામાં આવે છે કે મૂલ્યાંકન શરૂ કરતા પહેલાં, તમારે સ્થળ મૂલ્યાંકન માર્ગદર્શિકા કાળજીપૂર્વક વાંચવી અને સમજવી જોઈએ. મૂલ્યાંકન એ આપણા બધા માટે 10-12 દિવસનું મિશન છે. તેથી, તમારે આ પ્રક્રિયામાં તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરવા જરૂરી છે.

<u>વિશેષ સૂચના:</u> માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ અનુસાર, ઉમેદવારોને નિયત પ્રોસેસિંગ ફીની ચુકવણી અને તેમની વિનંતી પર જવાબ પુસ્તિકાની ફોટોકોપી મેળવવાની પરવાનગી આપવામાં આવશે. તેથી બધા પરીક્ષકો/અતિરિક્ત મુખ્ય પરીક્ષકો/મુખ્ય પરીક્ષકોએ ખાતરી કરવી જોઈએ કે માર્કિંગ સ્કીમમાં આપેલ દરેક જવાબ મુજબ મૂલ્યાંકન ચુસ્તપણે કરવામાં આવે છે.

* <u>પરીક્ષકે નિશ્ચિત કરેલી ગુણયોજના પ્રમાણે ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવું.</u>

૧. પરીક્ષકો સાથે પ્રથમ દિવસે વ્યક્તિગત અને સામૂહિક રીતે ગુણયોજનાની ચર્ચા - વિચારણા કર્યા પછી જ મૂલ્યાંકન કાર્ય શરૂ કરવું.

૨. ગુણયોજનાનો મુખ્ય ઉદ્દેશ મૂલ્યાંકનને વધારેમાં વધારે ન્યાય આપવાનો છે. ગુણયોજનામાં આપવામાં આવેલા ઉત્તરના મુદ્દાઓને અંતિમ ગણવા નહિ. આ માત્ર માર્ગદર્શિકા છે અને સંપૂર્ણ જવાબની રચના કરતા નથી. તે બધાં મુદ્દાઓ માત્ર માર્ગદર્શક અને નિર્દેશરૂપ છે. વિદ્યાર્થીઓની પોતાની અભિવ્યક્તિ હોઈ શકે છે અને જો અભિવ્યક્તિ સાચી હોય, તો તે મુજબ ગુણ આપવામાં આવશે.

૩.મૂલ્યાંકન કાર્ય માત્ર વ્યક્તિગત મતાનુસાર નહિ, પરંતુ ગુણયોજનાના નિર્દેશ પ્રમાણે જ કરવું.



ZOLLEGE.in

૪. દરેક પેટા પ્રશ્નના ગુણ હાંસિયામાં લખવા. મુખ્ય પ્રશ્ન જ્યાંથી શરૂ થતો હોય તે પાનાં પર પેટાપ્રશ્નના ગુણનો સરવાળો કરીને લખવો.

૫. જો મુખ્ય પ્રશ્નના કોઈ પેટાપ્રશ્ન ન હોય તો એ પ્રશ્નના ગુણ હાંસિયામાં તથા ઉપર લખવા.

૬. જો પરીક્ષાર્થીએ કોઈ એક પ્રશ્નનો ઉત્તર બે જગ્યાએ લખ્યો હોય અને એક પણ ઉત્તરને કાપ્યો ન હોય તો જે ઉત્તર વધારે સાચો હોય એના ગુણ આપવા અને બીજાને ધ્યાનમાં લેવો નહીં.

૭. પ્રશ્નના ઉત્તરો જો મુદ્દાસર લખવાના હોય તો અને પરીક્ષાર્થીએ જરૂર કરતાં વધારે મુદ્દા લખ્યા હોય તો જરૂરી ગુણ આપીને બિનજરૂરી મુદ્દાને ધ્યાનમાં ન લેવા.

૮. એક જ પ્રકારની જોડણી ભૂલનો ગુણ એક જ વખત કાપવો.

૯. શબ્દમર્યાદા કરતાં વધારે લખાણના ગુણ કાપવા નહીં.

૧૦.સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પરીક્ષક સહાનુભૂતિથી ૩૦% ગુણ મેળવનાર પરીક્ષાર્થીને ૩૩% ગુણ આપીને ઉત્તીર્ણ કરે છે. અથવા તો ક્યારેક એક ગુણ માત્ર ; એ આધાર પર કાપવામાં આવે છે કે , પૂરા ગુણ ન આપી શકાય. અહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ કે મૂલ્યાંકનમાં પૂરેપૂરા ૦ થી ૮૦ ગુણ ઇચ્છનીય છે અર્થાત પરીક્ષાર્થીએ જો બધાં જ જરૂરી મુદ્દાઓ સાથે ઉત્તરો લખ્યા હોય તો પૂરેપૂરા ૮૦ ગુણ આપી શકાય.

૧૧. તમામ મુખ્ય પરીક્ષકો/અતિરિક્ત મુખ્ય પરીક્ષકો/પરીક્ષકોને સૂચના આપવામાં આવે છે કે ઉત્તરવહીમાં મૂલ્યાંકન કરતી વખતે જો કોઈ ઉત્તર પૂર્ણત: ખોટો હોય તો તે ઉત્તર પર (×) નિશાની કરીને '૦' ગુણ આપવા જોઈએ.

ગુજરાતી

ધોરણ : **X (010)**

સમય : **3** કલાક — કુલ ગુણ : ૮૦

**Time : 3 hrs.** — **M.M. : 80**

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણવિભાજન |
|---|---|---|---|
| | | **SECTION : A**<br>**(Advanced Reading Skill)** | |
| પ્રશ્ન.**1.** | | નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. | **5 × 1 = 5** |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | I. | સામાન્ય માણસ અહિંસાનો શો અર્થ કરે છે?<br>ઉત્તર : **(A)** પ્રાણીમાત્ર તરફ સમભાવ | |
| | II. | લેખકના મતે હિંસાનો શો અર્થ છે?<br>ઉત્તર : **(C)** કોઈની મહેનતનો અયોગ્ય ફાયદો ઉઠાવવો. | |
| | III. | નિત્ય જીવનમાં માનવી ક્યાં-ક્યાં હિંસા કરી બેસે છે?<br>ઉત્તર : **(D) - (A), (B)** અને **(C)** | |
| | IV. | 'અનુદાર વર્તન' એટલે કેવું વર્તન?<br>ઉત્તર : **(C)** ઉદારતા વિનાનું | |
| | V. | 'કાળજી વિનાનું' માટે ગદ્યમાં કયો શબ્દ વપરાયો છે?<br>ઉત્તર : **(B)** બેદરકાર | |
| | | | |
| પ્રશ્ન.**2.** | | નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. | **6 × 1 = 6** |
| | I. | સભ્યતા એટલે શું?<br>ઉત્તર : **(D) - (A)** અને **(B)** | |
| | II. | આપણે સભ્ય બન્યા ક્યારે કહેવાઈએ?<br>ઉત્તર : **(C)** અન્યની લાગણીને માન આપીએ ત્યારે | |
| | III. | આપણી સભ્યતા સાચી ક્યારે ગણાય?<br>ઉત્તર : **(D)** જ્યારે આપણે નાનેરાંઓને માન આપીએ ત્યારે | |
| | IV. | સાચી સભ્યતાની શી વિશેષતા છે?<br>ઉત્તર : **(A)** તે સર્વત્ર મધુરતાવાળી હોય | |
| | V. | વડીલો અને સમોવડિયા પ્રત્યેની સભ્યતા ઘણીવાર શેમાંથી જન્મે છે?<br>ઉત્તર : **(C)** સ્વાર્થમાંથી | |
| | VI. | 'પહેરવેશ' માટે ઉપરોક્ત ગદ્યમાં કયો શબ્દ પ્રયોજાયો છે?<br>ઉત્તર : **(C)** પોશાક | |
| | | | |
| પ્રશ્ન.**3.** | | નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. | **5 × 1 = 5** |
| | I. | માણસનો ભાગ્યવિધાતા કોણ છે?<br>ઉત્તર : **(A)** સ્વયં | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | II. | મરજીવો મોતી ક્યાંથી મેળવે છે?<br>ઉત્તર : **(D) - (A), (B) અને (C)** | |
| | III. | 'બેઠેલાનું બેઠું રહે વિમાસણે' એટલે....<br>ઉત્તર : **(B) જે બેઠાં છે એનું ભાગ્ય પણ બેઠું છે.** | |
| | IV. | કવિ બડભાગિયો કોને કહે છે?<br>ઉત્તર : **(A) જેને માત્ર જાતમાં શ્રદ્ધા છે.** | |
| | V. | "વેળુ" શબ્દનો શો અર્થ થાય?<br>ઉત્તર : **(C)** રેતી | |

**SECTION: B**

**(Literature)**

| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન.**4.** | | નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ શોધીને લખો. | **8 × 1 = 8** |
| | I. | 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાના ચરણોને ક્યાં લઈ જવા ઇચ્છે છે?<br>ઉત્તર : **(C)** ભૂધર તરફ | |
| | II. | 'તે બેસે અહીં' કાવ્યના કવિનું નામ જણાવો.<br>ઉત્તર : **(B)** સ્નેહી પરમાર | |
| | III. | 'ટિફિન' કૃતિમાં ગાય માટે કયો શબ્દ પ્રયોજાયો છે?<br>ઉત્તર : **(D)** ગોરવી | |
| | IV. | સર અમલ દેરાસરીના બંગલાના ઓરડાના ખૂણાઓની ઘોડીઓમાં શું ગોઠવેલું હતું?<br>ઉત્તર : **(D)** ગ્રીક પૂતળાં | |
| | V. | 'પ્રયાણ' પાઠમાં બીજા ઉતારુના મતે 'પ્રાણવાયુ' ક્યાં ભરેલો હોય છે?<br>ઉત્તર : **(D)** કમરખ જેવી દાબડીમાં | |
| | VI. | પ્રથમ હાઇકુમાં તળાવ કેવી રીતે જાગી ગયું? | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | | ઉત્તર : **(B)** પંખીની ચાંચથી | |
| | VII. | કાનાના પુત્ર પમાના લગ્ન ફોક કરાવવા પોર્ટુગીઝ પાદરીઓએ કોનો સહારો લીધો?<br>ઉત્તર : **(C)** અદાલતનો | |
| | VIII. | વ્હાલો થનક થનક થઇ ક્યાં નાચે છે?<br>ઉત્તર : **(A)** કુંજગલીમાં | |

**SECTION: C**

**(Applied Grammar)**

<u>ખાસ નોંધ :</u> વિદ્યાર્થીઓએ માગ્યા કરતા વધારે ઉત્તરો લખ્યા હોય તેવી પરિસ્થિતિમાં બધા જ ઉત્તરો તપાસવા અને ફક્ત <u>ચાર</u> સાચા ઉત્તરોના ગુણ ગણતરીમાં લેવા.

| પ્રશ્ન.5. | | નીચે આપેલા રૂઢિપ્રયોગના સાચા અર્થ શોધીને લખો.(કોઈપણ ચાર) | 4 × 1 = 4 |
|---|---|---|---|
| | I. | હાથ ઘસતા રહી જવું<br>ઉત્તર : **(B)** હારી જવું | |
| | II. | ગળગળું થઈ જવું<br>ઉત્તર : **(C)** રડુંરડું થઈ જવું | |
| | III. | આંખ ઊઘડવી<br>ઉત્તર : **(D) - (A), (B)** અને **(C)** | |
| | IV. | જમીન-આસમાન એક કરવા<br>ઉત્તર : **(B)** ખૂબ પ્રયત્ન કરવા | |
| | V. | આંગળાં કરડવાં<br>ઉત્તર : **(C)** ખૂબ સ્વાદિષ્ટ લાગવું | |
| | | | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન.6. | | નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરીને લખો. (કોઈપણ ચાર) | 4 × 1 = 4 |
| | I. | પાણીમાં ઉત્પન્ન થતાં વલયો<br>ઉત્તર : **(B)** વમળ | |
| | II. | તુલસીથી ભરેલું વન<br>ઉત્તર : **(C)** વૃંદાવન | |
| | III. | કામ કઢાવી લેવાની કળા<br>ઉત્તર : **(B)** કુનેહ | |
| | IV. | જાણવાની ઈચ્છા<br>ઉત્તર : **(A)** જિજ્ઞાસા | |
| | V. | કહી ન શકાય તેવું<br>ઉત્તર : **(B)** અકથ્ય | |
| | | | |
| પ્રશ્ન.7. | | સૂચના મુજબ કરો. (કોઈપણ ચાર) | 4 × 1 = 4 |
| | I. | નીચેનામાંથી સમાનાર્થીનું કયું જોડકું યોગ્ય નથી?<br>ઉત્તર : **(A)** સત્તા : હક | |
| | II. | નીચેનામાંથી સમાનાર્થીનું કયું જોડકું ઉચિત નથી?<br>ઉત્તર : **(D)** કેન્દ્ર : પરીક્ષા | |
| | III. | 'મર્દન' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.<br>ઉત્તર : **(B)** ચોળવું | |
| | IV. | નીચે વિરોધી જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી?<br>ઉત્તર : **(C)** અજ્ઞ **x** વિધ્ન | |
| | V. | નીચે વિરોધી જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું યોગ્ય નથી?<br>ઉત્તર : **(A)** અજાણ્યાં **x** એકલાં | |
| | | | |
| પ્રશ્ન.8. | | સૂચના મુજબ કરો. (કોઈપણ ચાર) | 4 × 1 = 4 |
| | I. | અનુગ ઓળખો : 'તું તારા દિલનો દીવો થા.'<br>ઉત્તર : **(B)** નો | |
| | II. | રેખાંકિત અનુગની જગ્યાએ નામયોગી વાપરો : 'જ્ઞાન<u>માં</u> કોઈનો ઈજારો ન હોવો જોઈએ.'<br>ઉત્તર : **(B)** ઉપર | |
| | III. | અનુગ ઓળખો : 'તમે આખો દિવસ વાંસળીને હાથમાં રમાડો.' | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | | ઉત્તર : **(A)** ને | |
| | IV. | વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયું વાક્ય ઉચિત છે?<br>ઉત્તર : **(A)** તેણે રણમાં પીઠ બતાવી. | |
| | V. | વ્યાકરણ અને લેખનરૂઢિને આધારે નીચેનામાંથી કયું વાક્ય ઉચિત નથી?<br>ઉત્તર : **(A)** ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે. | |

## (વર્ણનાત્મક પ્રશ્નો)

<u>ખાસ નોંધ :</u> વર્ણનાત્મક પ્રશ્નોના વિભાગમાં જ્યાં પણ વૈકલ્પિક પ્રશ્નો આપ્યા હોય અને વિદ્યાર્થીએ માગ્યા કરતા વધારે ઉત્તરો લખ્યા હોય તેવી પરિસ્થિતિમાં બધા જ ઉત્તરો તપાસવા અને જે ઉત્તરોના વધુ ગુણ આવતા હોય તે ગુણ ગણતરીમાં લેવા.

| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન.**9.** | | નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ બે) | **2 × 1 = 2** |
| | I. | કવિ ખાલી હાથમાં શું સમાયેલું જણાવે છે?<br>ઉત્તર : કવિ ખાલી હાથમાં 'ઉષ્મા' અને 'થડકો' સમાયેલાં જણાવે છે. | |
| | II. | 'હાથ' અને 'હૃદય' શબ્દના સમાનાર્થી શબ્દો જણાવો.<br>ઉત્તર : હાથ – કર, હસ્ત, પાણિ<br>હૃદય – ઉર, હૈયું, અંતર, દિલ | |
| | III. | કવિ 'હાથ મેળવીએ' દ્વારા શું ભેળવવાની વાત કરે છે?<br>ઉત્તર : કવિ **'હાથ મેળવીએ'** દ્વારા પરસ્પરના હૃદયનો ભાવ ભેળવવાની વાત કરે છે. | |
| | | | |
| પ્રશ્ન.**10.** | | નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (કોઈપણ ચાર) | **4 × 2 = 8** |
| | | - વિષય વસ્તુ : **1.5** ગુણ<br>- જોડણી, ભાષાશુદ્ધિ : **0.5** ગુણ | |
| | I. | 'તે બેસે અહીં' કાવ્યમાં બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે?<br>ઉત્તર : 'તે બેસે અહીં' કાવ્યમાં બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને સમજાવતાં કહે છે કે............<br>- સંવેદનશીલ વ્યક્તિ બીજાનું દુ:ખ દૂર કરે, બીજાને મદદ કરી તેના આંસુ લૂછે છે.<br>- બીજાનું દુ:ખ જોઈ પોતે દુ:ખી થાય છે અને તેની છાતીમાં દુ:ખે છે. | |
| | II. | 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવી મનોદશા અનુભવે છે?<br>ઉત્તર : **'દીવાનખાનામાં'** કાવ્યના અંતે..... | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | | - એકલતાની વેદના અનુભવે છે.<br>- દીવાનખાનું જુદી જુદી વસ્તુઓથી સુશોભિત હોવા છતાં તે નાયિકાની એકલતાની વ્યથા દૂર કરી શકે તેમ નથી. | |
| | III. | કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે?<br>ઉત્તર : કૃષ્ણ વૃંદાવનની કુંજગલીમાં થનક થનક થઈ નાચે છે. | |
| | IV. | 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિનો કયો ભાવ પ્રગટ થાય છે?<br>ઉત્તર : 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિનો......<br>- પરસ્પરનો મૈત્રીભાવ<br>- પરસ્પરના હૃદયના ભાવને ભેળવવાનો ભાવ પ્રગટ થાય છે. | |
| | V. | 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિએ જગતના ઝેર સામે અમૃત પાવાની વાત કેમ કરી છે?<br>ઉત્તર : 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિએ જગતના ઝેર સામે અમૃત પાવાની વાત એટલા માટે કરી છે કે - પોતે દુ:ખો વેઠીને પણ બીજાને સુખ આપવું તેમાં જ જીવનની સાચી સાર્થકતા રહેલી છે. | |
| | | | |
| પ્રશ્ન.11. | | નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) | 3 × 1 = 3 |
| | I. | મેબલ અને રાશેલ અગાશીમાં શું કરતાં?<br>ઉત્તર : મેબલ અને રાશેલ બનાવટી શિકારીની રમતો રમતા અને નાના અમથા પાન કે ઠળિયા પાછળ દોડીદોડીને ગાંડા થતાં. | |
| | II. | દેશી બિલાડીઓનું ટોળું કેવું થયેલું?<br>ઉત્તર : દેશી બિલાડીઓનું ટોળું ખાઈ-પીને માતેલું થયેલું. | |
| | III. | થિયોડોર, મેબલ અને રાશેલના કેવાં નખરાં રહેતાં?<br>ઉત્તર : થિયોડોર, મેબલ અને રાશેલના નખરાં....<br>- મુંબઈગરાં સોફિસ્ટિકેટેડ<br>- દૂધ, બિસ્કિટ અને ઈંડાં ખાય<br>- ખાવાનું ઘડીયાળને કાંટે, કુદરતી હાજત માટે માટીનો ટોપલો, ન ફાવે તો બાથરૂમમાં ભરાઈ ખાળ પર બેસી આવે એવાં સાફસૂથરાં !<br>- ખાટલા પર આપણી આસપાસ પથરાઈને ઊંઘવા જોઈએ.<br>- ખાવાની રકાબીમાં વાસ ન આવવી જોઈએ. | |
| | IV. | થિયોડોર કેવા ખેલ દેખાડતો? | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | | ઉત્તર : થિયોડોર અગાશીમાં નાળિયેરીના ઝળૂંબતા પાનને વળગી સમતુલાના ભાતભાતના ખેલ દેખાડતો. | |
| | | | |
| પ્રશ્ન.12. | | નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (કોઈપણ ત્રણ) | 3 × 3 = 9 |
| | | - વિષયવસ્તુ : **2.5** ગુણ<br>- જોડણી, ભાષાશુદ્ધિ : **0.5** ગુણ | |
| | I. | 'જેઠીબાઈ'નું પાત્રાલેખન કરો.<br>ઉત્તર : રંગાટ અને વણાટકામનું કારખાનું દીવ બંદરે ઊભું કરનાર જેઠીબાઈનું વતન કચ્છ-માંડવી હતું. દીવ બંદરેથી એમના કારખાનાનો પુષ્કળ માલ પરદેશ જતો અને વેચાતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે એમના કારખાનાનો ખૂબ વિકાસ થયો હતો.<br>જેઠીબાઈ કારખાનાના તમામ કામદારો પર માતા જેટલું જ વ્હાલ રાખતાં હતાં. મરણપથારીએ પડેલા કાનજીને એના દીકરાની ચિંતા કાળજાને કોરી ખાતી હતી. જેઠીબાઈએ એના દીકરાની જવાબદારી લીધી. જેઠીબાઈએ કાનજીના અંતરના ઉત્પાતને શમાવી દીધો. કાનજીનું મૃત્યુ થતાં સમયસૂચકતા વાપરીને જેઠીબાઈએ કાનજીના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો. એ જ રાત્રે કાનજીના પુત્ર પમાનાં એક બીજા કામદારની પુત્રી સાથે લગ્ન કરાવી દીધાં. પછી પોલીસપાર્ટીને સાથે લઈને આવેલા પાદરીઓનો એક વીરાંગના બની સામનો કર્યો કે કાનાનો પુત્ર નિરાધાર નથી, એ તો ક્યારનોય પરણી બેઠો છે. જેઠીબાઈનું રણચંડી જેવું રૂપ જોઈ સૌ પાછા ફર્યા.<br>જેઠીબાઈએ પોર્ટુગીઝ સરકારનો જુલમી કાયદો રદ કરાવવા તેના જુલમની કહાણી પોર્ટુગીઝ ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરાવી. તેને મોટી રેશમી ઓઢણી પર મોટા અક્ષરોમાં છપાવી. તેઓ પોર્ટુગલ ગયાં, પોર્ટુગલની રાણી ડૉન લ્યૂઝાને મળ્યાં, હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની ઓઢણી રાણીને ભેટ કરી. રાણીએ અરજી વાંચી. એમણે જેઠીબાઈને કલામય કૃતિ અને હિંમત માટે ધન્યવાદ આપ્યા અને પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો પોતાના ખાસ ફરમાનથી રદ કરાવ્યો. તે દિવસથી જેઠીબાઈની ઓઢણી - **'પાન - દ - જેઠી'**નું નામ વિખ્યાત બની ગયું.<br>કચ્છ-માંડવીનાં એક અભણ જેઠીબાઈ એક અદ્ભુત કાર્ય કરીને અમર બની ગયાં. | |
| | II. | . 'ટિફિન' લઘુકથામાં અમથીમાનો પશુ પ્રત્યેનો પ્રેમ વર્ણવો.<br>ઉત્તર : જમણવારનો પ્રસંગ છે. પ્રૌઢો માટે ટિફિન ઘેર આવવાનું છે. ટિફિન આપવા આવનાર જુએ છે કે અમથીમા રોટલા ઘડી રહ્યાં છે. તે અમથીમાને તે વિશે પૂછે છે ત્યારે અમથીમા કહે છે, **'હું ધરાઈ જાઉં પણ આ કાળવી અને ગોરવીનું શું?'** કાળી કૂતરી અને ગોરી ગાય અમથીમાનાં પોતીકાં છે, એમનાં કુટુંબી છે. આમ, મનુષ્યનો પ્રાણીઓ સાથેનો સંબંધ કેવો ઉષ્માભર્યો હોય છે તે ભાવ આ ઘટનામાં સચોટ રીતે પ્રગટ થાય છે. | |



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | III. | 'સામગ્રી તો સમાજની છે ને!' પાઠમાં સિક્યોરિટી ઑફિસરે લેખક અને તેમના મિત્રોને શું સમજાવ્યું?<br>ઉત્તર : **'સામગ્રી તો સમાજની છે ને !'** પાઠમાં સિક્યોરિટી ઑફિસરે લેખક તેમજ તેમના મિત્રોને કડક ભાષામાં સમજાવ્યું કે "તમારે જરૂર હોય તેટલું જ ભોજન લેવું જોઈએ. પૈસા આપીને જરૂર કરતાં વધારે ભોજન લઈને તે ભોજન છાંડો તે બરાબર નથી; કારણ કે ભોજનની બધી સામગ્રી તો સમાજની છે ને ! દુનિયામાં એવા ઘણા લોકો છે, જેમને આ સાધનસામગ્રીના અભાવના કારણે ભોજન નથી મળતું."<br>આ સત્ય સાંભળીને લેખક અને તેમના મિત્રો છોભીલા પડી ગયા. | |
| | IV. | 'દીપકના પિતાનું હૃદયપરિવર્તન' તમારા શબ્દોમાં લખો.<br>ઉત્તર : દીપકના પિતા અમલ દેરાસરી અંગ્રેજ સરકારના અધિકારી છે. તેમને અંગ્રેજ સરકારનો નાઈટહૂડનો ઈલકાબખત મળેલો છે. તે માટે તે ખૂબ રાજી છે. પરંતુ તેમનો પુત્ર દીપક સ્વાતંત્ર્યના રંગે રંગાયેલો છે. એના પિતાને આ પસંદ નથી. પિતા-પુત્ર વચ્ચે વૈચારિક સંઘર્ષ છે. દીપકને તેના બાપુની બીક છે. તેથી જ અગાશી પર રાષ્ટ્રધ્વજ ચડાવવા જતાં તે પડી જાય છે અને ગંભીર રીતે ઘાયલ થાય છે. પલંગમાં સૂતેલો દીપક રાષ્ટ્રધ્વજની વાતો કરે છે તે એના પિતાને પસંદ નથી. આથી જ તે દીપકને રાષ્ટ્રધ્વજની વાત છોડવા કડકાઈથી કહે છે અને ઉમેરે છે કે 'તેં પાપ કર્યું અને પ્રભુએ તને સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી?' આમ છતાં દીપક રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રીય ગીતો અને સરઘસની વાતો કરતો જ રહે છે. નવના ટકોરે દીપક ઝબકીને જાગે છે અને "ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી" એવા છેલ્લા વાક્ય સાથે સદાય માટે આંખો મીંચી દે છે. સર અમલથી આ દૃશ્ય, દેશપ્રેમ નથી ખમાતો. તેમનું હૃદયપરિવર્તન થાય છે અને પોતે સંગ્રામની લીડ કરશે તેમ જણાવે છે.<br>આમ, પુત્રની શહીદી પિતાનું હૃદયપરિવર્તન કરે છે. | |
| | V. | સૂરજ તો બધે જ સરખો' પાઠના લેખક આખરે ક્યાંય ન જવા માટે કેમ વિચારે છે?<br>ઉત્તર : 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં સર્વજ્ઞભાઈ અને લેખક વચ્ચે રજાઓમાં કયા સ્થળે પ્રવાસે જવું તે અંગે વાતચીત થાય છે. સર્વજ્ઞભાઈ આગ્રા, માથેરાન, દાર્જિલિંગ, મહાબળેશ્વર, આબુ વગેરે સ્થળોએ કઈ કઈ વાનગીઓ ખાવા જેવી છે તેની જ વાત કરે છે, ત્યાંની ખાસિયતની નહિ. છેવટે આબુની વાત કરતાં કહે છે કે 'આબુમાં એક તકલીફ રહેવાની. તમને અડધું અમદાવાદ ત્યાં જોવા મળશે. અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે ગલીમાં છુપાઈ જવા મથીએ એ બધાં ત્યાં સામે ભટકાવાનાં! ત્યાંના પાછા રસ્તાય થોડા પહોળા એટલે ભાગીનેય ક્યાં જવાય ! એ | |

ZOLLEGE.in



ZOLLEGE.in

| | | | |
|---|---|---|---|
| | | વખતે સાલું એમ થાય કે આટલા પૈસા ખરચીને આબુ આવ્યા એ કરતાં અમદાવાદમાં જ રહ્યા હોત તો વધું સારું થાત !"<br>લેખકને આ આઈડિયા ગમ્યો. ધાબામાં બેસીને પટેલનો આઈસક્રીમ ખાતાં ખાતાં ગપ્પાં મારવાની જે મઝા આવે છે તે સાલી બીજે ક્યાંય નથી. આવા વિચારથી લેખક ક્યાંય ન જવા માટે વિચારે છે. | |

**SECTION: D**
**(Effective Writing Skill)**

| પ્રશ્ન.13. | નીચે આપેલા મુદ્દા પરથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધલેખન કરો. | 1 × 7 = 7 |
|---|---|---|
| | <u>નિબંધલેખન :</u><br>- પ્રસ્તાવના 01<br>- વિષયવસ્તુ 1.5<br>- ભાષાઅભિવ્યક્તિ 1.5<br>- ભાષાશુદ્ધિ અને વાક્યરચના 02<br>- ઉપસંહાર 01<br><br>* નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને નિબંધ લખવો.<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.<br>- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.<br>- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી વિશે ધ્યાન રાખવું. | |



ZOLLEGE.in

| | | |
|---|---|---|
| પ્રશ્ન.**14.** | નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન કરો. | **1 × 6 = 6** |
| | <u>વાર્તાલેખન :</u><br>- ભાષાશૈલી અને ભાષાશુદ્ધિ 01<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન 03<br>- શીર્ષક 01<br>- બોધ 01<br><br>* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.<br>- વાર્તા આપેલા મુદ્દાઓને અનુરૂપ હોવી જોઈએ.<br>- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં લખવી.<br>- ભાષા સરળ અને પ્રવાહી<br>- રસપ્રદ લખાણ જરૂરી<br>- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક અને બોધ લખવો.<br>- શીર્ષક : 'જેને રામ છોડે તેને કોણ તારે?', 'ભગવાન રામ અને હનુમાન વચ્ચેનો સંવાદ', 'ભગવાન રામ અને પથ્થર' વગેરે તથા આના સિવાય ઉચિત અને અર્થપૂર્ણ હોવું જોઈએ.<br>- બોધ : 'જે ઈશ્વરનો હાથ ને સાથ છોડે, તેનો હાથ-સાથ બીજું કોણ પકડે?' આ અથવા વાર્તાને યોગ્ય હોવો જોઈએ. | |
| પ્રશ્ન.**15.** | પત્રલેખન <u>અથવા</u> જાહેરાત | **1 × 5 = 5** |



ZOLLEGE.in

* પત્રલેખન :

- સરનામું અને તારીખ 01
- સંબોધન અને અભિવાદન 01
- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ 02
- સમાપન અને લિખિતંગ 01

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્રલેખન કરવું.

- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ (International Method) લખવું. નવી પદ્ધતિ પ્રમાણે લેખન કરવું.
- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.
- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જોઈએ.
- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક.
- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ ભાષા, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી.

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

અબક
45, 'મોરપિચ્છ',
સૌજન્ય ટેનામેન્ટ,
રાજકોટ.
તા.....................
પ્રતિ,
પ્રમુખશ્રી,
નગરપાલિકા, રાજકોટ.

વિષય : રસ્તાનું સમારકામ કરાવી આપવા બાબત.

માનનીય પ્રમુખશ્રી,/સાહેબશ્રી,

પત્રની વિગત

લિ.
આપનો/આપની વિશ્વાસુ,
અબક

ખાસ નોંધ : **C.B.S.E.**એ આપેલ સેમ્પલ પ્રશ્નપત્રની માર્કિંગ સ્કીમમાં પત્રલેખનમાં સૂચના આપેલ છે કે લીટી છોડવી નહિ, પરંતુ તેમાં સુધારો કરવામાં આવે છે કે વિદ્યાર્થીએ લીટી છોડી હોય કે ન છોડી હોય તો પણ ગુણ આપવા.

અથવા

જાહેરાત લેખન :

- ચિત્રાત્મક રજૂઆત 1.5
- સૂત્રાત્મક રજૂઆત 01



ZOLLEGE.in

| | | |
|---|---|---|
| | - સમગ્ર પ્રસ્તુતિકરણ 2.5<br><br>* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત કરવી.<br>- ચિત્રાત્મક રજૂઆત<br>- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>- ટૂંકી અને આકર્ષક રજૂઆત<br>- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | |

*****************************************************************************************



ZOLLEGE.in